૫૭૭

છ નવા જિલ્લાઓના જિલ્લા સમાજ
કલ્યાણ અધિકારી (વિ.જા) ની કચેરી
માટે વાહન ભાડે રાખવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:સશપ/૧૫૦૪/ન.બા.૨/અ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:- ૨૭/૬/૨૦૦૫

<u>વંચાણે લીધા</u> :-

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૧/૩/૨૦૦૧ નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૫૯૮/ન.બા.૧૨/અ

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૬/૧૧/૦૧ નો ઠરાવ ક્રમાંક:સશપ/૧૫૨૦૦૧/ન.બા.૮/અ

(૩) નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૩/૧૧/૨૦૦૪ નો પત્ર ક્રમાંક: વિજાક/મકમ/રેકર્ડ/૧૯૧

<u>ઠ રા વ</u>:-

આમુખમાં ક્રમાંક:(૧) ના ઠરાવથી છ નવરચિત જીલ્લાઓ (પોરબંદર, પાટણ,આણંદ, નવસારી,દાહોદ અને નર્મદા (રાજપીપળા) ખાતે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા) ની કચેરીઓને સરકારી વાહન ફાળવવામાં આવેલ નથી. પરંતુ આ વિભાગના તા.૬/૧૧/૦૧ ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૫૯૮/ન.બા.૧૨/અ થી ઉપર્યુકત જિલ્લા કચેરીઓ માટે પ્રતિ કિલોમીટર રૂા.૪.૦૦ ભાડાના દરે માસિક ૧૫૦૦ કિલોમીટર માટે વાહન ભાડે રાખવાની મંજુરી આપવામાં આવી હતી. તાજેતરમાં પેટ્રોલ/ડીઝલની કિંમતોમાં થયેલ વધારાના કારણે પ્રતિ કિલોમીટર ભાડાના દર ઉપરાંત વાહન ભાડે રાખવાની માસિક મહત્તમ કિલોમીટરની મર્યાદામાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે કચેરી દીઠ એક વાહન માસિક ૧૫૦૦ કિલોમીટરની મર્યાદામાં રાખવાની જોગવાઈને બદલે માસિક ૨૫૦૦

500

કિલોમીટરની મર્યાદામાં વાહન ભાડે રાખવાનું તથા રૂ.૪.૦૦ ના પ્રતિ કિલોમીટરના દરે પ્રયાસ કરવા છતાં વાહન ભાડે ના મળે તેવા સંજોગોમાં રૂ.૫.૦૦ પ્રતિ કિલોમીટરના દરે વાહન ભાડે મેળવવા માટે મંજૂરી આપવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ –૨૨૨૫ અનુસૂચિત જાતિ અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ– ૦૩–પછાતવર્ગોનું કલ્યાણ–૦૦૧–નિર્દેશ અને વહીવટ–બીસીકે–૧૨૮ = સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટેના વહીવટી તંત્રને તમામ કક્ષાએ સંગીન બનાવવું હેઠળ મંજુર થયેલ જોગવાઈમાંથી મેળવવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૯/૫/૦૫ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.પી.પરમાર)
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
–નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય,ગાંધીનગર
–નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
–એ.જી.અમદાવાદ/રાજકોટ
–જિલ્લા તિજોરી અધિકારીશ્રી નર્મદા (રાજપીપળા),નવસારી,આણંદ,દાહોદ, પોરબંદર અને પાટણ.
–સિલેકટ ફાઈલ.

ટીઆરવી